સાબરકાંઠા જિલ્લાની સાતેય બેઠકો પર જામશે જંગ

ગાંધીનગર, તા. ૨૯

વિધાનસભાની ચૂંટણી આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે અને ૧૭મી તારીખે મતદાન થવાનું છે ત્યારે રાજકીય પક્ષો અને અપક્ષોએ પણ પોતાની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. આવતીકાલે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ છે ત્યારે અઢી લાખથી વધુ વસતી ધરાવતી હિંમતનગર વિધાનસભા બેઠક પર ચૂંટણી જંગ રોચક બની રહેવાની એંધાણી વર્તાઈ રહી છે.

હિંમતનગર વિધાનસભા બેઠકમાં ૧૩૨ ગામો અને ૮૫ ગામ પંચાયતોનો સમાવેશ થાય છે. ૨,૫૬,૩૬૨ જેટલી વસતી છે અને વિધાનસભાના કુલ ૨,૧૬,૯૪૮ મતદારો છે, જેમાં ૧,૧૨,૬૩૯ પુરુષો અને ૧,૪,૩૦૯ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. ૨૮૬ બૂથ ધરાવતી બેઠકમાં પાંચ જિલ્લા પંચાયત બેઠકો, પચીસ તાલુકા પંચાયત બેઠકો અને ૧ નગરપાલિકાની ૧૨ વોર્ડની ૩૬ બેઠકોનો સમાવેશ થાય છે. આ બેઠકમાં જાતિ પ્રમાણે અંદાજે ક્ષત્રિય-૬૫, એસટી-૧૬૩૦, એસસી-૧૯હજાર, પટેલ-૩૩હજાર, મુસ્લિમ-૩૦હજાર જેટલી છે. આ બેઠક પર ક્ષત્રિયનું પ્રભુત્વ વધુ છે. ગત વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષોએ પટેલ ઉમેદવારોને ઊભા રાખ્યા હતા, જે પૈકી ભાજપના ઉમેદવાર વિજયી બન્યા હતા.

૨૮-ઈડર (એસસી) વિધાનસભા

ઈડર વિધાનસભા બેઠકમાં ઈડરના ૧૩૯ અને વડાલીના ૫૬ ગામોનો સમાવેશ થાય છે. જ્યારે કુલ મતદારો ૨,૨૯,૬૫૨ છે. જેમાં ૧,૧૧,૪૨૦ મહિલા મતદારો અને અને ૧,૧૮,૨૩૨ પુરુષ મતદારોનો સમાવેશ થાય છે. ઈડર વિધાનસભા બેઠકમાં ઈડર અને વડાલી બે તાલુકાનો સમાવેશ થાય છે. ઈડરના ૨૨૪ અને વડાલીના ૯૩ મળી કુલ ૩૧૭ બૂથ ધરાવતી આ બેઠકમાં ૭ જિલ્લા પંચાયતની છે, જેમાં ઈડરની પાંચ અને વડાલીની બે બેઠકો છે, તાલુકા પંચાયતની ૪૦ બેઠકો છે. ઈડરમાં પચીસ અને વડાલીમાં ૧૫, ઈડરની નગરપાલિકામાં ૯ વોર્ડની ૨૭ બેઠખો અને વડાલી નગરપાલિકાની ૭ વોર્ડની ૨૧ બેઠકોનો સમાવેશ થાય છે. આ બેઠકમાં જાતિ પ્રમાણે અંદાજે ક્ષત્રિય ૭૫ હજાર, એસસી ૩૫ હજાર, રબારી, ભરવાડ પાંચ હજાર, વાણિયા ૬ હજાર, સુથાર ૨૬૭૮, પટેલ ૬૫ હજાર, બ્રાહ્મણ ૮ હજાર, પ્રજાપતિ ૧૯૦૦, નાયી ૧૨૧૮, વણઝારા ૩૨૦૦, પંચાલ ૨૧૦૦, ગઢવી ૯૦૦, મુસ્લિમ ૨૬ હજાર, દરજી, મદારી ૧૮૦૦, દેવીપૂજક ૨૦૬૫ અને અન્ય ૧૮ હજાર જેટલી વસતી છે. અહીં પહેલાં કોંગ્રેસ હાવી હતી, પરંતુ છેલ્લે ચાર ટર્મથી ભાજપના રમણલાલ વોરા સતત ચાર વખતથી વિજયી બને છે.

૨૯ - ખેડબ્રહ્મા (એસટી) વિધાનસભા

ઈડર વિધાનસભા બેઠકમાં ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાનો સમાવેશ થાય છે. જેમાં ખેડબ્રહ્માના ૧૩૪ ગામોનો સમાવેશ થાય છે. વિધાનસભાના કુલ મતદારો ૨,૨૩, ૪૯૭ છે. વિજયનગર તાલુકાના ૮૫ ગામોમાં વસતી ૯૦૭૬૯ છે. જ્યારે કુલ મતદારો ૧,૯૫,૧૦૦ છે. જેમાં ૧,૩૮,૦૦૦ પુરુષો અને ૯૪,૭૨૦ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ બેઠકમાં જાતિ પ્રમાણે અંદાજે એસસી ૧ લાખ ૪૭ હજાર, એસટી ૬ હજાર, પટેલ ૨૦ હજાર, ક્ષત્રિય ૧૫ હજાર, જૈનો ૮૦૦, કલાલ ૭૦૦, રબારી ૪૦૦, મુસ્લિમ ૫૦૦, કાથોડી ૩૦૦, પ્રજાપતિ ૨૫૦ અને અન્ય ૨૫૦૦ જેટલી જણાય છે. આ બેઠક પર કોંગ્રેસ હાવી છે કારણ કે આ બેઠક પર આદિવાસીનું પ્રભુત્વ છે.

૩૦-(એસટી) ભિલોડા વિધાનસભા

ભિલોડા વિધાનસભા બેઠકમાં ભિલોડાના ૧૩૪ અને મેઘરજના ૧૨૮ ગામોનો સમાવેશ થાય છે. વિધાનસભાના કુલ મતદારો ૨,૩૭,૪૩૬ છે જેમાં ૧,૨૩,૦૨૭ પુરુષ અને ૧,૧૪,૪૦૯ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. કુલ ૩૫૧ બૂથ ધરાવતી આ બેઠકમાં ભિલોડામાં ૧૯૬ અને મેઘરજમાં ૧૫૫ બૂથ છે. કુલ ૯ જિલ્લા પંચાયત બેઠકોમાં ભિલોડાની પાચ અને મેઘરજની ચાર બેઠકોનો સમાવેશ થાય છે. જ્યારે તાલુકા પંચાયતમાં કુલ ૪૪ બેઠકો છે, જેમાં ભિલોડામાં પચીસ અને મેઘરજમાં ૧૯ બેઠકોનો સમાવેશ થાય છે. આ બેઠકમાં જાતિ પ્રમાણે અંદાજે એસસી ૧,૧૭,૦૦૦, એસટી ૧૨ હજાર, ઠાકોર ૫૬ હજાર, ચૌધરી પટેલ ૬ હજાર, કચ્છી પટેલ ૬ હજાર, વાણિયા, બ્રાહ્મણ અને સોની પાંચ હજાર, મુસ્લિમ પાંચ હજાર, રાજપૂત ૪ હજાર, પંચાલ, જાડેજા, પ્રજાપતિ અને સુથાર ૮ હજાર અને અન્ય ૧૩ હજાર જેટલી છે. આ બેઠક પર આદિવાસીનું પ્રભુત્વ છે અને નવું સીમાંકન થતાં મેઘરજ તાલુકાનો ભિલોડા વિધાનસભા બેઠકમાં સમાવેશ કરાયો છે. પ્રતિષ્ઠિત અને સ્થાનિક ઉમેદવારને કારણે ભૂતકાળમાં ભાજપે આ બેઠક પર વિજય મેળવ્યો હતો. પરંતુ હાલ આ બેઠક પર કોંગ્રેસ હાવી છે.

૩૧- મોડાસા વિધાનસભા

મોડાસા વિધાનસભા બેઠકમાં મોડાસાના ૧૦૪ અને ૭૪ ગામોનો સમાવેશ થાય છે. વિધાનસભાના કુલ મતદારો ૨,૧૪,૭૧૮ છે, જેમાં ૧,૧૦,૫૮૩ પુરુષ અને ૧,૦૪,૧૩૫ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. કુલ ૨૯૪ બૂથ પૈકી મોડાસામાં ૧૯૫ અને ધનસુરામાં ૯૯ બૂથ છે. જિલ્લા પંચાયતની કુલ ૭ બેઠકો છે જેમાં મોડાસામાં ૪ અને ધનસુરામાં ૩ બેઠકોનો સમાવેશ થાય છે. તાલુકા પંચાયતની કુલ ૩૪ બેઠકો છે, જેમાં મોડાસામાં ૧૯ અને ધનસુરામાં ૧૫ બેઠકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મોડાસા નગરપાલિકાના ૭ વોર્ડની ૨૧ બેઠકોનો સમાવેશ પણ આ વિધાનસભામાં થાય છે. અહીં ક્ષત્રિય ૭૬ હજાર, એસસી ૧૬ હજાર, ચૌધરી ૩૫ હજાર, મુસ્લિમ ૨૬ હજાર, લેઉઆ, કચ્છી, કડવા ૧૩ હજાર, આદિવાસી ૪ હજાર, રબારી પાંચ હજાર, વાળંદ બે હજાર, રાવળ ૨૫૦૦, પ્રજાપતિ ૪૫૦૦, સુથાર અને પંચાલ ૩ હજાર, ડબગર ૧૭૦૦, ગઢવી ૧૩૦૦, વણઝારા ૧ હજાર, બ્રાહ્મણ ૪ હજાર, રાજપૂત ૩ હજાર, વાણિયા ૪ હજાર, સોની ૧૫૦૦, અને અન્ય ૨૨૦૭૮ જેટલી વસતી છે. આ બેઠક પર ક્ષત્રિયનું પ્રભુત્વ વધુ છે, ભાજપ હાવી છે.

૩૨ - બાયડ વિધાનસભા

બાયડ વિધાનસભા બેઠકમાં બાયડના ૧૨૨ અને માલપુરના ૧૦૦ ગામોનો સમાવેશ થાય છે. વિધાનસભાના કુલ મતદારો ૨,૦૦,૨૮૮ છે, જેમાં ૧,૦૩,૦૮૮ પુરુષ અને ૯૭,૨૦૦ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. કુલ ૨૮૭ બૂથ પૈકી બાયડમાં ૧૯૧ અને માલપુરમાં ૯૨ બૂથ છે. જિલ્લા પંચાયતની કુલ ૬ બેઠકો છે, જેમાં બાયડમાં ૪ અને માલપુરમાં બે બેઠકોનો સમાવેશ થાય છે. તાલુકા પંચાયતની કુલ ૩૬ બેઠકો છે, જે પૈકી બાયડમાં ૨૧ અને માલપુરમાં ૧૫ બેઠકોનો સમાવેશ થાય છે. અહીં ક્ષત્રિય ૧,૬૯,૦૦૦, પટેલ, કડવા ૩૯ હજાર, એસસી ૧૦ હજાર, એસટી ૩ હજાર, મુસ્લિમ ૩ હજાર, ગોસ્વામી ૩૦૦, બ્રાહ્મણ ૨૭૦૦, પ્રજાપતિ ૨૨૦૦, સોની ૩૦૦, શાહ ૭૦૦, પંચાલ ૨૦૦, વાળંદ ૨૨૦૦, દરજી ૧૧૦૦, રાવળ ૪૮૦૦, ભરવાડ ૨૫૦૦, બારોટ ૯૦૦, દેવીપૂજક ૧૧૦૦, વણઝારા ૧૩૦૦, નાયક ૮૦૦ અને અન્ય ૨૩૦૦ની વસતી છે. ક્ષત્રિયનું પ્રભુત્વ વધુ છે. અત્યાર સુધી ભાજપ અને કોંગ્રેસ બંનેના ઉમેદવારો અહીં જીતી ચૂક્યા છે.

૩૩-પ્રાંતિજ વિધાનસભા

પ્રાંતિજ વિધાનસભા બેઠકમાં પ્રાંતિજના ૬૬ અને તલોદના ૭૩ ગામોનો સમાવેશથાય છે. વિધાનસભાના કુલ મતદારો ૨,૧૦,૩૯૯ છે, જેમાં ૧,૦૯૪૧૦ પુરુષ અને ૧,૦૦,૯૮૯ મહિલા ઉમેદવારો છે. કુલ ૨૬૯ બૂથ પૈકી પ્રાંતિજમાં ૧૩૪ અને તલોદમાં ૧૩૫ બૂથ છે. જિલ્લા પંચાયતની કુલ ૬ બેઠકો પૈકી પ્રાંતિજમાં ૩ અને તલોદમાં ૩ બેઠકો છે. તાલુકા પંચાયતનતી કુલ ૩૪ બેઠકો છે, જેમાં પ્રાંતિજમાં ૧૭ અને તલોદમાં ૧૭ બેઠકોનો સમાવેશ થાય છે. બે નગરપાલિકાઓ છે, જેમાં પ્રાંતિજના ૭ વોર્ડની ૨૧ બેઠકો અને તલોદમાં પણ ૭ વોર્ડ અને ૨૧ બેઠકોનો સમાવેશ થાય છે. અહીં ક્ષત્રિય ૯૭ હજાર, પટેલ ૩૨ હજાર, એસસી ૧૩ હજાર, રાવળ ૪૫૦૦, રબારી, દેસાઈ ૩૫૦૦, બ્રાહ્મણ ૩૨૦૦, પંચાલ ૧૬૦૦, દરજી ૧ હજાર, પ્રજાપતિ ૪૧૫૦, વાણિયા ૧૩૯૮, દેવીપૂજક ૨૩૬૮, નાયી બે હજાર, સુથાર, કડિયા, સથવારા ૨૩૭૦, વણઝારા, ઓડ ૧૩૨૮, મોદી ૬૭૭, નાયક ૩૦૧, ગોસ્વામી ૯૯૧ અને અન્ય ૧૮૨૬૬ જેટલી વસતી છે. આ વિધાનસભા બેઠક પર ક્ષત્રિયનું પ્રભુત્વ વધુ છે, ભાજપ હાવી છે.

સાબરકાંઠા જિલ્લાના મતદારોની વિગતવાર માહિતી

બેઠક ક્રમાંક	બેઠકનું નામ	મતદાર			નોકરિયાત મતદાર	કુલ મતદારો
		પુરુષ	મહિલા	કુલ		
૨૭	હિંમતનગર	૧૧૨૬૩૯	૧૦૪૩૦૯	૨૧૬૯૪૮	૨૨૨	૨૧૭૧૭૦
૨૮	ઈડર (એસસી)	૧૧૮૨૩૨	૧૧૧૪૨૦	૨૨૯૬૫૨	૨૫૮	૨૨૯૯૧૦
૨૯	ખેડબ્રહ્મા (એસટી)	૧૦૦૩૮૦	૯૪૭૨૦	૧૯૫૧૦૦	૮૧૬	૧૯૫૯૧૬
૩૦	ભિલોડા (એસટી)	૧૨૩૦૨૭	૧૧૪૪૦૯	૨૩૭૪૩૬	૯૫૮	૨૩૮૩૯૩
૩૧	મોડાસા	૧૧૦૫૮૩	૧૦૪૧૩૫	૨૧૪૭૧૮	૩૯૮	૨૧૫૧૧૬
૩૨	બાયડ	૧૦૩૦૮૮	૯૭૨૦૦	૨૦૦૨૮૮	૩૧૨	૨૦૦૬૦૦
૩૩	પ્રાંતિજ	૧૦૯૪૧૦	૧૦૦૯૮૯	૨૧૦૩૯૯	૨૪૮	૨૧૦૬૪૭
	કુલ	૭૭૭૩૫૯	૭૨૭૧૮૨	૧૫૦૪૫૪૧	૩૨૧૧	૧૫૦૭૭૫૨

બાયડ ભાજપમાં ભડકો : ભાજપના ભૂ. પ્રમુખે અપક્ષ તરીકે ઉમેદવારી નોધાવતા ખળભળાટ

બાયડ, તા. ૨૯

સમગ્ર ગુજરાત રાજય માં વિધાનસભા ની ચુંટણી નો માહોલ જામ્યો છે ત્યારે રાજય માં ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષ દ્વારા પ્રથમ તબ્બકા ની ચુટણી ના ઉમેદવારો ની યાદી જાહેર કરતાં બન્ને પક્ષ માં ટીકીટ વાંરછુઓ બગાવત ના મુડમાં આવી જઈ પક્ષ કાર્યલયો પર પોતાના સર્મથકો સાથે જઈ ને ટીકીટ ની માંગણી કરી હતી અથવા તો પ્રદેશ કાર્યાલયો પર તોડફોડ કરી હતી જયારે કેટલાક ઉમેદવારો ભાજપમાંથી કોંગ્રેસ માં જોડાયા હતા તો કેટલાક કોંગ્રેસ માં થી ભાજપ માં જોડાયા હતા જેમાં ભાજપા એ કોંગ્રેસ માંથી ભાજપ માં આવેલા પુનમ બેન માડમ અને ગીરીશ પરમાર ને તરતજ ટીકીટ આપી દીધી હતી તો આજે વિધાનસભા ના બીજા તબકકા ની ચુટણી ના મતદારો ની યાદી જાહેર કરવામાં આવતાની સાથેજ બાયડ ભાજપમાં ભડકો થયો છે વર્ષો થી ભાજપમાં વફાદારી પુર્વક સેવા આપનાર ચુનીભાઈ બી.પટેલે પણ વિધાનસભા ની ટીકીટ માટે પોતાની દાવેદારી કરી હતી પરંતુ પક્ષ દ્વારા તેમની વર્ષોની મહેનત ની અવગણના કરી ચાલુ વર્ષે પણ ગત ટર્મ માં વિજેતા બનેલા ક્ષત્રીય ઉમેદવાર ઉદેસીંહ ઝાલા ને રીપીટ કરાતા બાયડ તાલુકા ભાજપ માં ભડકો થયો છે અને અંદરખાને રહેલો વિરોધ આજે બહાર આવયો છે હાલ બાયડ વિધાસભા ની નવા સીંમાકંન પ્રમાણે પરીસ્થીતી જોઈએ તો હાલ સમગ્ર વિધાનસભા માં ક્ષત્રીય મતદારો પર પ્રભુત્વ રહેલુ હોઈ કોંગ્રેસ દ્વારા મેઘરજ વિધાસભા રદ થતાં બાયડ બેઠક ઉપર શંકરસિંહ વાઘેલા નાસુપુત્ર અને ગત ટર્મ માં મેઘરજ વિધાનસભા બેઠક પરથી વિજેતા બનેલા મહેન્દ્ર સિંહ વાઘેલા ને મેદાન માં ઉતાર્યા હતા જયારે ભાજપા એ પણ મતો નુ સમીકરણ જોતા ક્ષત્રીય ઉમેદવાર તરીકે ગત ટર્મમાં વિજેતા બનેલા ઉદેસીંહ ઝાલા ને ટીકીટ આપી પક્ષ કોઈપણ રીસ્ક લેવા નથી માંગતુ તે જાહેર કરી દીધુ હતુ પરંતુ ક્ષત્રીય મતદારો પછી આ વિસ્તાર માં પટેલ મતદારો નુ પ્રભુત્વ રહેલુ છે અને તેમાંય કડવા પાટીદાર મતદારો નુ વર્ચસ્વ સારૂ એવુ રહેલુ છે તે જોતા ચુનીભાઈ બી.પટેલ જેઓ બાયડ તાલુકા પંચાયત ભાજપા ના ભુતપુર્વ પ્રમુખ તરીકે જવાબદારી નીભાવી ચુકયા છે તેમણે ટીકીટ માંગવા છતા પાર્ટી એ ટીકીટ આપી ન હતી તેથી તેમણે આજે પાર્ટી વિરૂધ્ધ જઈ અપક્ષ ઉમેદવારી નોધાવી હતી.

(તસવીર : સમીર બલોચ)

આ અંગે ચુનીભાઈ પટેલ નો ફોન ઉપર સંપર્ક કરતાં તેમણે જણાવ્યુ હતુ કે અમે અન્યાય સામે ન્યાય મેળવવા આ ઉમેદવારી નોધાવેલ છે અમો ને પાર્ટી થી કોઈ વિરોધ નથી પરંતુ પાર્ટી દ્વારા જે ઉમેદવાર મુકવામાં આવ્યો છે તે ઉમેદવાર સામે અમને વાંધો છે તે માટે અમો એ અપક્ષ માં ઉમેદવારી ફોર્મ ભર્યુ છે.

ચૂંટણી ખર્ચ અંગે દેખરેખ રાખવા તથા ફરીયાદ કરવા બાયડ વિધાનસભા ખાતે હેલ્પ લાઈન શરૂ કરાઈ

બાયડ, તા. ૨૯

આ વખતની વિધાસભાની ચૂંટણી પંચે પોતાની આંખ લાલ કરી હોય દરેક જીણી જીણી બાબતો પર ધ્યાન રાખવામાં આવી રહયુ છે. ત્યારે વિધાનસભા ની ચુટણી ના કામે ચુટણી ખર્ચ નિયંત્રણ સંદર્ભે ફરીયાદ કરવા તેમજ દેખરેખ નિયંત્રણ રાખવા માટે બાયડ ખાતે તેમજ જીલ્લા કક્ષાએ એક હેલ્પ સેનટર ઉભુ કરવામાં આવ્યુ છે. જેનો નંબર ૦૨૭૭૯૨૨૦૨૪૬ તથા જીલ્લા કક્ષાએ કાર્યરત કોલ સેન્ટર માં ત્રણ હન્ટીગ લાઈન સહીત ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૧૯૫૧ અમલમાં મુકવામાં આવી છે તેવુ બાયડ વિધાનસભાના ચુટણી અધીકારી સિધ્ધીબહેન પટેલે જાણવ્યુ હતું.

ઉત્તર ગુજરાતની પંદર બેઠકો માટે જેડીયુના ઉમેદવારોની યાદી

ગાંધીનગર, તા. ૨૯

વિધાનસભા ચૂંટણી માટે હાલ ચારે તરફ ચૂંટણીનો રંગ જામ્યો છે અને ઉમેદવારોની યાદીઓ પક્ષો દ્વારા બહાર પાડવામાં આવી રહી છે. ત્યારે આજરોજ ગુજરાત પ્રદેશ જનતાદળ (યુ) દ્વારા પોતાના ઉમેદવારોની યાદી પણ બહાર પાડી છે. જેમાં ગાંધીનગર બનાસકાંઠા-સાબરકાંઠા જિલ્લાની બેઠકો માટે પોતાના ઉમેદવારો જાહેર કર્યા હતા.

જિલ્લો	બેઠકનું નામ	ઉમેદવારનું નામ
ગાંધીનગર	ગાંધીનગર(ઉ)	રબારી અમરતભાઈ એન.
બનાસકાંઠા	દાંતા(એસટી)	સોલંકી બીપીનકુમાર રાજુભાઈ
	પાલનપુર	રવિન્દ્ર ડાહ્યાલાલ ત્રિવેદી
	ડીસા	તુલસીબેન વી. સોલંકી
	દિયોદર	રણછોડભાઈ પ્રાગજી દવે
	વડગામ	ગૌતમભાઈ વનસોલા
	ભાંભર	જેઠાભાઈ રૂગનાથભાઈ માલી
પાટણ	પાટણ	ગોવિંદલાલ ઓખાજી ઠાકોર
	રાધનપુર	રબારી નારણભાઈ સેંધાજી
મહેસાણા	વિસનગર	પટેલ જયંતિભાઈ રેવાભાઈ
	બહુચાજી	પાર્થ રાવલ
સાબરકાંઠા	ઈડર(એસ.સી.)	કનુભાઈ રાઈજી ચૌહાણ
	મોડાસા	મોહનસિંહ માધુસિંહ રાઠોડ
	બાયડ	મનહરલાલ શંકરલાલ પટેલ
	ભીલોડા(એસ.ટી.)	ખરાડી બીપીનકુમાર એન.

ડીસા બેઠક માટે સીત્તેર ઉમેદવારી પત્રની વહેંચણી : બાર ઉમેદવારોએ નોંધાવી ઉમેદવારી

ડીસા, તા. ૨૯

ડીસા વિધાનસભાના સીટની ચાલુ રહેલ ચૂંટણી પ્રક્રિયામાં પોતાની ઉમેદવારી નોંધાવવા સીત્તેર જેટલા સંભવીત ઉમેદવારોએ સંબંધિત ચૂંટણી અધિકારી પાસેથી નીયત કરેલ ઉમેદવારી પત્ર મેળવ્યા હતા. જો કે આજે ૨૯મી નવેમ્બર ૨૦૧૨ના રોજ ઉમેદવારી પત્ર લઈ ગયેલા સંભવિત ઉમેદવારો પૈકીના માત્ર બાર ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હોવાનું બહાર આવેલ છે.

ડીસા વિધાનસભા સીટ માટે નીયત કરેલ ચૂંટણી અધિકારી પાસેથી અત્યાર સુધી સંભવિત સીત્તેર ઉમેદવારોએ ઉમેદવારી પત્રો મેળવ્યા હતાં. જેમાં આજ દિન સુધી ભુરાભાઈ વિહાભાઈ હડીયા, વસરામભાઈ કરશાનભાઈ ઓડ, ભરત ધનાજી સોલંકી, કાશીરામ પરખાજી માળીએ ૨૮મી નવેમ્બરના રોજ ઉમેદવારી પત્રો ભર્યા હતાં.

(તસવીર : સમીર બલોચ)

ગુજરાત રાજય વિધાનસભાની ચુંટણીમાં ફોર્મ ભરવાને બે દીવસ બાકી હોઈ ભાજપ અને કોંગ્રેસ દ્વારા આજે અને ગઈકાલે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં ભાજપા પક્ષે ગઈકાલે ગત ટર્મમાં વિજેતા બનેલા ઉમેદવાર ઉદેસીંહ જાલાને રીપીટ કરતાં તેમના સર્મથકોએ આ ઉમેદવારને વધાવી લીધો હતો. આજે ફોર્મ ભરવાની છેલ્લી તારીખના આગલા દિવસે ભાજપમાંથી ઉદેસીહ ઝાલા અને અપક્ષમાંથી ભાજપના જ કાર્યકર ચુનીભાઈ પટેલે અપક્ષ તરીકે પોતાના સર્મથકો સાથે આવી ને ઉમેદવારી ફોર્મ ભર્યુ હતુ. જયારે ચુનીભાઈએ અપક્ષ તરીકે ફોર્મ ભરતા હાલ તો સમગ્ર રાજકીય મહોલમાં વાતાવરણ ગરમાઈ ચુકયુ છે. જયારે કોંગ્રેસના મહેન્દ્રસીહ વાઘેલા આવતીકાલે સવારે ૧૧ વાગે ફોર્મ ભરવા જશે તેવુ એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ હતું.

ડીસા વિધાનસભાની તાજેતરની ચૂંટણીઓ માટે વિવિધ સમાજના ઓગણત્રીસથી વધારે ઉમેદવારોએ પોતાની દાવેદારી ભાજપ નિરીક્ષકો સમક્ષ નોંધાવી હતી. જોકે ગઈકાલે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા બીજા તબક્કાના મતદાન માટેના ઉમેદવારોની જાહેરાત કરાતા ડીસા બેઠક માટે સીટીંગ ધારાસભ્ય લીળાધરભાઈ વાઘેલાની જાહેરાત કરાઈ હતી. જેમાં આજરોજ ભાજપમાંથી લીલાધરભાઈ વાઘેલાએ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને ચૂંટણી અધિકારી ડીસા સમક્ષ પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. (તસવીર : કાંતિલાલ ડીસા)

ડીસા સહિત જિલ્લાની નવ બેઠકમાં માળી સમાજ અને રબારીની અવગણનાથી રોષ

ડીસા, તા. ૨૯

ડીસા વિધાનસભાની તાજેતરની ચૂંટણીઓ માટે ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોમાં ભાજપ પક્ષમાંથી ડીસા બેઠક માટે અંદાજીત ૨૯ જેટલા ઉમેદવારોએ નિરીક્ષકો સમક્ષ પોતાની દાવેદારી નોંધાવી હતી. જો કે ગઈકાલ સાંજે ભાજપા પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા ડીસા બેઠક માટે લીલાધરભાઈ વાઘેલાની પસંદગી કરાઈ હતી. બનાસકાંઠા જિલ્લાની નવ વિધાનસભા સીટની ગઈકાલે થયેલ અધિકૃત જાહેરાતમાં માળી સમાજ અને રબારી સમાજના એકપણ ઉમેદવારને ટીકીટ ન ફાળવાતા આ બન્ને સમાજમાં રોષની લાગણી જોવા મળી હતી. જેમાં આજરોજ ભાજપા સમર્થન ધરાવતા માળી સમાજના અનેક આગેવાનો દ્વારા એક કોલ્ડસ્ટોરેજ ખાતે સંગઠીત થઈ નક્કર કાર્યવાહી કરવા રજુઆત કરાઈ હતી. જેમાં સર્વ સંમતિએ માળી સમાજમાંથી અપક્ષ તરીકે ઉમેદવાર ઉભા કરી ડીસા બેઠક પરથી ચૂંટણી લડવાનો સંકલ્પ કરાયો હતો.

જેની વિગતો જોઈએ તો ભાજપના લીલાધરભાઈ વાઘેલાએ ડીસા બેઠક માટે પોતાની પક્ષ દ્વારા જાહેરાત થતાં આજરોજ તેમની ઉમેદવારી નોંધાવી હતી. ડીસા બેઠક માટે ભાજપમાં પોતાની દાવેદારી માટે માળી સમાજમાંથી પી.એન. માળી, મગનલાલ માળી, બાબુલાલ ગીગાજી માળી તેમજ પ્રવીણ ગોરધનજી માળી મુખ્ય સંભવીત ઉમેદવારી તરીકે બહાર આવ્યા હતાં. જ્યારે રબારી સમાજમાંથી ગુજરાત ગોપાલક નીગમના ચેરમેન સંજયભાઈ દેસાઈનું નામ પણ ભારે ચર્ચામાં હતું. જો કે આ તમામ સંભવિત ઉમેદવારોમાંથી કોઈને પણ બનાસકાંઠા જિલ્લાની નવ સીટો પૈકી એકપણ સીટ ના ફાળવતા સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં આ બન્ને સમાજના મતદારોમાં રોષ જોવા મળ્યો હતો. જાતીવાદી સમીકરણોની મત બેંકો જોતા માળી અને રબારી સમાજ મોટી નિર્ણાયક મત બેંકો ધરાવે છે. જેનાથી સર્વ પ્રથમ આ બાબતે માળી સમાજે તીખી પ્રતિક્રિયા આપી આજે બપોરે ભીલડી રોડ પર આવેલ વૈષ્ણોદેવી કોલ્ડ સ્ટોરેજ ખાતે માળી સમાજની એકતા બેઠક યોજી હતી. જેમાં હાજર આગેવાનોએ તેમની થયેલી અવગણનાની નોંધ લઈ ડીસા બેઠકમાંથી મંગળજી મદરૂપજી માળીને માળી સમાજના અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણીમાં ઉતારવાની જાહેરાત કરાઈ હતી. જેનાથી ડીસા બેઠકમાં અનેક નવા રાજકીય સમીકરણો રચાયા હતાં.

કાંકરેજ વિધાનસભા માટે કુલ-૩ ઉમેદવારી પત્રો ભરાયા

કાંકરેજ, તા. ૨૯

કાંકરેજ-૧૫ વિધાનસભા મત વિસ્તાર માટે આજે ઉમેદવારી પત્ર ભરવાના આગળના દિવસે કુલ-૩ ઉમેદવારી પત્રો ભરાયા હતા.

કાંકરેજ મામલતદાર કચેરીમાં ચૂંટણી અધિકારી સમક્ષ આજે કોંગ્રેસના ઉમેદવાર તરીકે ધારસીહભાઈ લાખાભાઈ ખાનપુરા પરિવર્તન પાર્ટીના ઉમેદવાર તરીકે જોધાભાઈ પટેલ તેમજ લોકજન પાર્ટીના ઉમેદવાર તરીકે મેરૂજી ઠાકોરે ઉમેદવારી નોંધાવી હતી. કોંગ્રેસના ઉમેદવાર ધારસીહભાઈ ખાનપુરાએ તેમના અસંખ્ય ટેકેદારો સાથે મંગલ મુર્હતમાં ફોર્મ ભર્યું હતું.

ખજાનો (પાના નં. ૨ નું ચાલુ)

(૫) સોની ઋતુ. એસ. : સે-૨૦થી
પ્રશ્ન - સુવેઝ નહેર કયાં બે સમુદ્રોને જોડે છે?
જવાબ - રાતા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રને

● આ સપ્તાહનો સવાલ...?

કોંગ્રેસના કયા ઉદ્યોગપતિ નેતાએ ઝી ન્યૂઝના સંપાદક સામે કેસ કર્યો છે?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

● સાચા જવાબો :-

૬ (૫૧) ૬ (૨૧) ૬ (૬૧) ૫૦ (૨૧) ૬ (૧૧) ૬ (૦૧) ૬ (૭)
૫૦ (૭) ૫૦ (૭) ૫૯ (૩) ૫૯ (૫) ૬ (૨) ૬ (૬) ૫૯ (૮) ૫૦ (૧)